વેસ્ટર્ન ટાઇમ્સ

# આમોદ તાલુકાના સુડી ગામ નજીક જીલ્લાનો પ્રથમ સોલાર પ્લાન્ટ કાર્યરત થશે

## વીજળી ઉત્પાદન સાથે વિવિધ પાકનું પણ ઉત્પાદન


(તસ્વીરઃ-વિરલ રાણા, ભરૂચ)

ભરૂચ,

આમોદ તાલુકાના સુડી ગામ નજીક ૨૬૦ એકર જમીનમાં જીલ્લાના પ્રથમ સોલાર પ્લાન્ટની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સૂર્યના કિરણોની મદદથી ૫૦મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નકકી કરવામાં આવ્યો છે. રાજયના ઉર્જા વિભાગના પ્રિન્સીપાલ સેકેટરી એલ.અન્ગોએ ગુરુવારે પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

સાંપ્રત સમયમાં વીજળીના માંગમાં વધારો થઈ રહયો છે. ત્યારે કુદરતી પરીબળોમાંથી મેળવતી વીજળીના ઉત્પાદન પર ભાર મુકવામાં આવી રહયો છે. આમોદ તાલુકાના સુડી ગામ નજીક ૨૬૭ એકર જમીનમાં જીલ્લાના પ્રથમ સોલાર પ્લાન્ટની સ્થાપના થવા જઈ રહી છે. કે.પી. ગૃપના ફારૂકભાઈના જણાવ્યા અનુસાર સમગ્ર દેશમાં ૩૦૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન સોલારની મદદથી કરવામાં આવી રહયું છે. અગણિત વપરાશને કારણે ઉર્જાના પરંપરાગત સ્રોત ૫૦ ટકા ખતમ થઈ ગયો છે. ૨૬૦ એકરમાં સોલાર પ્લાન્ટની સ્થાપના કરીને ૫૦ મેગા વોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે.

પ્રારંભીક તબકકામાં ૫ મેગાવોટ ઉત્પાદન કરી પ્લાન્ટની જમીનમાં ખેત પેદાશોનું ઉત્પાદન મેળવવામાં આવી રહયું છે. ૫ મેગાવોટના પ્લાન્ટથી ૩૦૦ કિવન્ટલ ઘઉં તથા શાકભાજીએના અન્ય પાકો મેળવાવમાં આવ્યું હોવાનું તેમણે ઉમેયું હતું. રાજયના ઉર્જા વિભાગના મુખ્ય સચીવ એલ.યુઆન્ગોએ સોલાર પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અને ઉર્જાના ઉત્પાદન તથા પ્લાન્ટ વિશે જાણકારી મેળવી હતી.

સુડી ખાતે એક મેગાવોટ વીજળીના ઉત્પાદન માટે ૪,૦૦૦ સોલાર પ્લેટ લગાડાશે. પ્લાન્ટની ઉપજાવ જમીનનો સદ્ઉપયોગ કરી ત્યાં શાકભાજી તથા અન્ય પાક લેવાનું આયોજન કર્યુ છે. પ્લાન્ટ દેશમાં સોલાર ઉર્જાના ક્ષેત્રમાં મોડલ પ્લાન્ટ બની રહેશે. આમોદ તાલુકાના સુડી ગામ નજીક સોલાર પ્લેટની મદદથી પ્રારંભીક તબકકામાં ૫ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે. આગામી દિવસોમાં પ્લાન્ટ ખાતે ૫૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરાશે. કે.પી.ગૃપ સોલાર ઉર્જાની મદદથી આગામી વર્ષોમાં ૫૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ★